# ઔદ્યોગિક ડિઝાઈનર (ઇન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર)

ઔદ્યોગિક ડિઝાઈનર કાર, ઘરનાં ઉપકરણો, ઇલેક્ટ્રોનિક્સ અને રમકડાં જેવા ઉત્પાદનો માટે સંકલ્પનાઓ વિકસાવે છે. કલા, વ્યવસાય અને એન્જિનિયરીંગનો સુમેળ સાધીને, તેઓ એવા ઉત્પાદનો બનાવે છે જેનો લોકો રોજીંદા જીવનમાં ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓનું નિર્માણ કરવું ગમે છે
- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ ધરાવો છો
- તમે સમૂહમાં કામ કરવા માટે સહજ છો
- તમે કમ્પ્યૂટર પર સારી રીતે કામ કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે
**રૂ. ૪૦,૦૦૦ થી ૧૫,૭૬,૦૦૦***

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઇન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી (B.Design) પ્રાપ્ત કરો.

**અથવા**

ઇન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી (B.Design) પૂર્ણ કર્યા બાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં માસ્ટર ડિગ્રી (એમ. ડિઝાઈન) પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઇન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનરનું અંદાજીત માસિક વેતન રૂ. ૨૦,૦૦૦ થી ૧,૭૬,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Industrial_Designer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** તમે પરીક્ષણ સુવિધાઓ, ડિઝાઈન કેન્દ્રો, ગ્રાહકોના પ્રદર્શન સ્થળો, વપરાશકર્તાઓના ઘરો પર અથવા જ્યાં ઉત્પાદનો તૈયાર કરવામાં આવતા હોય તેવા સ્થળો પર કામ કરી શકો છો.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે તમારી પોતાની ખાનગી કંપની પણ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમમાં કામ કરવું પડી શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી ઈન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર → ઈન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર → સિનિયર ઈન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર → ડિઝાઈન લીડ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર, પ્રોડક્ટ ડિઝાઈન ટેકનિશિયન, પ્રોડક્ટ ડિઝાઈનર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ ડિઝાઈન દ્વારા દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજ સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૨. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૩. હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી, પાટણ
૪. ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન સેન્ટર, ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, મુંબઈ
૫. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, ખજૂરી, મધ્ય પ્રદેશ
૬. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, ગુન્ટુર, આંધ્ર પ્રદેશ
૭. રાષ્ટ્રસંત તુકડોજી મહારાજ નાગપુર યુનિવર્સિટી, મહારાષ્ટ્ર

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે સંસ્થા UGC અને AICTE સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારુલ યુનિવર્સિટી, વડોદરા
૨. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૩. ઓરો યુનિવર્સિટી, સુરત
૪. અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદ
૫. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર
૬. એલ. જે. સ્કુલ ઑફ ડિઝાઈન, અમદાવાદ
૭. ચંદીગઢ યુનિવર્સિટી, ચંદીગઢ
૮. પ્રિયદર્શિની ઈન્સ્ટિટ્યુટ ઑફ આર્કિટેક્ચર એન્ડ ડિઝાઈન, નાગપુર
૯. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, પુણે
૧૦. તેર્ના એન્જિનિયરીંગ કોલેજ, નવી મુંબઈ
૧૧. યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: - ઉત્પાદન માર્ગદર્શિકા પર અભ્યાસક્રમ onlinecourses.nptel.ac.in/noc23_me44/preview
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**માન સિંઘ** એક ભારતીય પ્રોડક્ટ/ઈન્ડસ્ટ્રિઅલ ડિઝાઈનર છે અને એવોર્ડ વિજેતા ભારતીય ફર્નિચર બ્રાન્ડ એ.ઓ.એફ.ના ડિઝાઈન ડિરેક્ટર પણ છે. તેમણે નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાઈન, અમદાવાદમાંથી ડિઝાઈનમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી છે. માન સિંઘે ૨૦૦૯ અને ફરીથી ૨૦૧૦ માં એલે ડેકોર ઈન્ટરનેશનલ ડિઝાઈન એવોર્ડ જીત્યો છે.*

સ્રોત: https://shop.hofindia.com/ mann-singh-collection-2

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.